ગાંધીનગર સમાચાર





વિશ્વ વૃદ્ધ દિવસ - રાજભવન ખાતે વિશ્વ વૃદ્ધ દિવસની ઉજવણી નિમિત્તે શહેરના વડીલો સાથે રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીએ વાર્તાલાપ કર્યો હતો. માહિતીસભર અને રસપ્રદ વાર્તાલાપથી વડીલોમાં ઉત્સાહની લાગણી પ્રસરી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા કરવામાં આવ્યું હતું. (તસવીર : દિપક જાની)

# રેલવેના પ્રશ્નોના ઉકેલ માટે ડી.આર.એમ. અને ચીફ અન્જિનિયર વચ્ચે બેઠક યોજાશે

ગાંધીનગર તા ૧

કેપિટલ સ્ટેશન પર સુવિધાના નામે મીંડુ હોવાનો આક્રોશ અનેકવાર ઉઠવા પામ્યો છે. જયારે મહાત્મા મંદિર અસ્તિત્વમાં આવ્યા બાદ સ્ટેશન તરફ જવાનો રસ્તો જાણે ભુલભુલૈયા સમાન બની ગયો છે. બીજીતરફ નિચાણવાળા રસ્તા પર ચોમાસામાં પાણી ભરાઈ જતા મુસાફરોએ અવર જવર કરવામાં પણ હાલાકી ભોગવવી પડે છે. કેપિટલ સ્ટેશન સાથે સંકળાયેલા પ્રશ્નો અંગે માર્ગ મકાન વિભાગના ચીફ એન્જીનિયર તેમજ રેલવેના ડી આર એમ સાથે એક બેઠક પણ ટુંકમાં યોજાશે.

ગાંધીનગરમાં રેલેવે સ્ટેશનન દુવિધાઓથી ઘેરાયેલુ હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. ત્યારે આ વિસ્તારમાં મહાત્મા મંદિર અસ્તિત્વમાં આવ્યા બાદ રેલવે સ્ટેશન તરફ જવાનો રસ્તો પણ જાણે ખોવાઈ ગયો હોય તેવી સ્થિતિ નિર્માણ થઈ છે. છેલ્લા ઘણાં સમયથી કેપિટલ સ્ટેશનને નવી ટ્રેઈનો મળે તે અંગે સતત રજુઆતો થઈ

## કેપિટલ સ્ટેશન વિસ્તારમાં રસ્તા અને લાઈટ સહિતની સુવિધાઓ પણ ખોરવાઈ ગઈ છે

રહી છે. ત્યારે આ આશા ટુંકમાં ફળીભુત થાય તેવા સંકેતો પણ સાંપડયા છે. બીજીતરફ સ્ટેશન વિસ્તારમાં ઉદભવેલી દુવિધાઓથી મુસાફરો તેમજ સ્થાનિક નાગરિકોએ પણ હાલાકી ભોગવવી પડે છે.સ્ટેશન તરફ જવાનો રસ્તો નીચાણમાં જતો રહેતા આ ઠેકાણે વરસાદી દિવસોમાં પાણી ભરાઈ જાય છે. જયારે લાઈટની યોગ્ય સુવિધા ન હોવાના લીધે રાત્રિના આવતા મુસાફરો માટે ભયનુ વાતાવરણ સર્જાય છે. આ વિસ્તારમાં પોલીસ ચોકી માટે યોગ્ય જગ્યા ન ફાળવવામાં આવી હોવાથી સલામતીને લઈને પણ અનેક સવાલો મંડરાયા છે. રેલવે સંબંધિત બોર્ડ તેમજ માહીતી પણ યોગ્ય રીતે રૂટમાં રજુ કરવામાં આવી નથી કેપિટલ સ્ટેશન તેમજ માર્ગ મકાન વિભાગ વચ્ચે અટવાયેલી આ સમસ્યાઓના ઉકેલ માટે ટુંકમાં જ વિભાગના ચીફ એન્જીનિયર તેમજ રેલવે વિભાગના ડિવિઝનલ રેલવે મેનેજર સાથે એક બેઠકનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં રેલવે સાથે જોડાયેલા પ્રશ્નોના નિરાકરણ માટે ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવશે.

# પાટનગર યાજના ભવનમાં ૭ જ નાયબ કાર્યપાલક ઈજનેર

## ૧ ૩ની ઘટ : એસ.ઓ.ની જરૂરિયાત સામે ૫૦ ટકાની ઘટ

ગાંધીનગર તા ૧

રાજયના માર્ગ મકાન વિભાગમાં મેન પાવરના અભાવ વચ્ચે વિકાસના નવા પ્રોજેકટોની સાથે વહીવટી કામગીરી પણ મંદ પડી ગઈ છે. ત્યારે એક અધિકારી પાસે બે જગ્યાઓનો ચાર્જ હોવાથી એસ ઓ સહીતની ખાલી જગ્યાઓના લીધે વહીવટી તંત્ર માટે કામ કરવુ મુશ્કેલ બન્યુ હોવાની બુમ ઉઠવા પામી છે. પાટનગર યોજના ભવનમાં નાયબ કાર્યપાલક ઈજનેરની ૨૦ જગ્યાઓ પૈકી ૭ જ ભરાયેલી છે. જયારે એસ ઓ ની પણ ૫૦ ટકા ઘટ છે.

માર્ગ મકાન વિભાગમાં નવી ભરતી અને નિમણુંકના અભાવે મેન પાવરનો ભારોભાર ખોટ વર્તાય છે. ત્યારે પાટનગરમાં પણ વિભાગની કામગીરી જાણે રામભરોસે હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. વિભાગમાં મેન પાવરના અભાવથી અનેક કામો તેમજ વહીવટ પર માંઠી અસર થવા પામી છે. પાટનગરમાં અનેક વિધ વિકાસ પ્રાજેકટો ધમધમતા હોવાછતા દિવા તળે અંધારુ હોય તેવુ સ્પષ્ટ થઈ રહયુ છે.

● અનુસંધાન પાન-૩ પર

## પાટનગર યોજનાના બે નાયબ કાર્યપાલક ઈજનેરને બઢતી

ગાંધીનગર તા ૧

માર્ગ મકાન વિભાગમાં ઈજનેરી સેવા વર્ગ-૨ માં નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ બજાવતા ૧૮ અધિકારીઓને સંવર્ગ -૧ માં બઢતી આપીને કાર્યપાલક ઈજનેર તરીકે નિમણુંક આપવામાં આવી છે.જેમાં પાટનગરયોજના ભવનના પણ બે અધિકારીઓને બઢતી આપવામાં આવી છે. રાજયની વિવિધ વર્તુળ કચેરીમાં નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ બજાવતા વર્ગ -૨ ના ૧૮ અધિકારીઓને બઢતી આપવામાં આવી છે. જેમાં પાટનગર યોજના ભવનમાં ડિવિઝન- ૪ માં નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ બજાવતા આર એસ સિધ્ધપુરા તેમજ પી એચ સંઘવીને બઢતી આપી કાર્યપાલક ઈજનેર તરીકે નિમણુંક આપવામાં આવી છે. જેમાં આર એસ સિધ્ધપુરાને ડીવિઝન-૪ ના કાર્યપાલક ઈજનેર તરીકે નિમણુંક આપવામાં આવી છે. જયારે ડિવિઝનના પી એચ સંઘવીને પંચાયત માર્ગ મકાન વિભાગ બોટાદમાં નવી જગ્યાએ નિમણુંક આપવામાં આવી છે. જેના પરિણામે ડીવિઝનમાં નાયબ કાર્યપાલક ઈજનેરની બે જગ્યાઓ ખાલી થવા પામી છે.

## ગામડાઓમાં સુકા દિવસે જરૂર પૂરતો જ પાણી પુરવઠો આપવો

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ડ્રાય ડે ની ઉજવણીને ધ્યાને રાખી પીવાના પાણી જેટલો જ પુરવઠો આપવા જિલ્લા વિકાસ અધિકારી શ્રી કૌશિક ભિમજ્યાણીએ તમામ સરપંચોને અપીલ કરી છે.

જિલ્લાના ૩૦૦ ગામના સરપંચોને આ અપીલ પત્ર લખીને કરી છે. જિલ્લા વિકાસ અધિકારીશ્રીના કાર્યાલયના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો આ ડ્રાયડે ની ઉજવણીમાં ઓછો સપ્લાય આપવાને કારણે દિવસ દરમ્યાન અપાતા પુરવઠામાં કાપ મુકાતાં ૪૦ ટકા જેટલો પાણીનો કાપ થશે જે જળસંચયનો પણ એક ભાગ ગણાશે.

જિલ્લામાં દર સપ્તાહના શુક્રવારે ડ્રાય ડે ની ઉજવણી કરવામાં આવે છે. જિલ્લામાં ગત સપ્તાહે ૫૦ હજારથી વધુ પાત્રોમાં સંગ્રહ કરીને રખાયેલ પાણીનો નિકાલ કરવામાં આવ્યો હતો.

જિલ્લામાં ડ્રાય ડે ની ઉજવણીને સારો પ્રતિસાદ મળતો હોવાનું પણ આરોગ્ય તંત્રના સૂત્રોએ સ્વીકાર્યું છે.

## કલોલમાં વધુ એક સ્વાઈન ફ્લુનો કેસ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરમાંથી આજે એક મહિલાને સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાતાં તેને અમદાવાદ સારવાર માટે ખસેડવામાં આવેલ છે.

જિલ્લામાં સ્વાઈન ફ્લુના આ સાથે કુલ છ કેસ નોંધાયા છે. જે પૈકીના પાંચ કેસ કલોલ શહેર અને તાલુકામાંથી મળ્યા છે જ્યારે ૧ કેસ ગાંધીનગર શહેરમાંથી નોંધાયેલ છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આજે મળેલ દર્દીના ઘરની આસપાસના વિસ્તારમાં સર્વેલન્સ હાથ ધરવામાં આવેલ છે. અમદાવાદ ખાતે દર્દીની સ્થિતિ સ્થિર હોવાનું પણ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

# સેકટરોના આંતરિક માર્ગો પરના વૃક્ષોનુ ટ્રીમીંગ કરાશે

ગાંધીનગર તા ૧

શહેરના સેકટરોમાં વૃક્ષોના ટ્રીમીંગની કામગીરી હજુ સુધી થઈ શકી નથી. જયારે સેકટરોના આંતરિક વિસ્તારમાં નમી પડેલી વૃક્ષોની ડાળીઓના લીધે સ્ટ્રીટ લાઈટો માર્ગ પર અજવાળુ પાથરી ન શકે તેવી સ્થિતિ છે. ત્યારે સેકટરોમાં વૃક્ષોનુ ટ્રીમીંગ કરવા માટે ઉપયોગમાં લેવાતુ મશીન પણ ખોટવાયુ છે. આવા સંજોગોમાં આગામી ૧૫ દિવસમાં જ ટ્રીમીંગની કામગીરી પુર્ણ કરી દેવાશે તેમ પણ વન વિભાગ દ્વારા જણાંવાયુ છે.

શહેરમાં નગરના મુખ્ય માર્ગો તેમજ આંતરિક માર્ગો આસપાસ સ્થિત વૃક્ષોનુ લાંબા સમયથી ટ્રીમીંગ કરવાનુ કામ હજુ સુધી હાથ ધરવામાં આવ્યુ નથી. ત્યારે સેકટરોમાં ટ્રીમીંગની કામગીરી પણ થઈ શકી નથી. સેકટરોના આંતરિક વિસ્તારમાં

## ટ્રીમીંગનુ મશીન ખોટવાતા કામગીરી અટવાઈ હતી : ૧૫ દિવસમાં નડતરૂપ ડાળીઓ દુર કરાશે

ન થતા મોટાભાગના વૃક્ષોની ડાળીઓ નમી પડી છે. જયારે સેકટરોના આંતરિક માર્ગો પર વૃક્ષો ભયજનક સ્થિતિમાં હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. એકબાજુ જોખમી વૃક્ષો દુર વૃક્ષોની ડાળીઓ સ્ટ્રીટ લાઈટોના પોલ્સની આસપાસ લપેટાઈ ગઈ છે. જેના પરિણામે રાત્રિના સમયે નગરના માર્ગો પર અંધારપટ

● અનુસંધાન પાન-૭ પર






Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com